



# દિવા તળે અંધારુ..., કલેક્ટર કચેરી સંકુલની આસપાસ જ છે ગંદકીનું સામ્રાજ્ય

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોના સંક્રમણ દિન પ્રતિદિન વધતું જાય છે અને બીજી તરફ જિલ્લાના વ્યવસ્થાતંત્રની સૌથી મહત્વની કચેરી એવા કલેક્ટર ઓફિસ સંકુલની આસપાસ જ ખડકાયેલા કચરાના ઢગ અને ગંદકી તંત્રની આંખે ચઢતી નથી. ચોમાસાની ઋતુમાં જ્યાં અન્ય વાઈરલ બિમારીઓ ફેલાવાનું જોખમ પણ તોળાઈ રહ્યું હોય ત્યારે ''સ્માર્ટ પાટનગર''માં જ્યાં દિવસ દરમ્યાન હજારોની સંખ્યામાં નાગરિકો પોતાના કોઈને કોઈ અગત્યના કાર્યો માટે કલાકો વિતાવતા હોય તેની નજીક ખડકાયેલી આ ''અસ્વચ્છતા'' રોગચાળાને ખુલ્લાં આમંત્રણ સમી ભાસી રહી છે. આ સાથે કલેક્ટર કચેરી સંકુલમાં થતો વરસાદી પાણીનો ભરાવો પણ ડેન્ગ્યુ-મેલેરિયા જેવા રોગોના મચ્છરો સહિત રોગજન્ય જીવજંતુઓના ઉપદ્રવનું સ્થાન બની શકે છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મેમ, જલદી ઓફ લાઈન થઈ જજો ડેડી ફોન લઈને ટોઈલેટમાં જાય છે... બહાર નીકળે પછી આગળનું લેશન કરીશું.....!!

# રાયસણ વિનાયક ફલોરા ખાતેથી જુગાર રમતા ૮ શકુની ઝડપાયા

### ત્રણ ગાડી, ૯ મોબાઈલ અને રોકડ રૂપીયા મળીને કુલ રૂ.૮.૪૧ લાખનો મુદ્દામાલ એલસીબી-૨ એ જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર રાયસણ નજીક વિનાયક ફલોરામાંથી મોટું જુગારધામ ઝડપાયું છે. એલસીબી-૨ એ રેઈડ પાડી જુગાર રમતા ૮ શકુનીઓને રોકડા રૂ.૨.૪ લાખ સાથે ઝડપી પાડ્યા છે. જયારે પોલીસે જુગારીઓ પાસેથી ૯ મોબાઈલ, ત્રણ ગાડી, અને રોકડ મળીને કુલ રૂ.૮.૪૧ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા અને જાહેરનામા ભંગ હેઠળ ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાની ટીમને રાયસણ વિનાયક નજીક વિનાયક ફલોરા ઘર નં.-૨ ખાતે જુગારધામ ચાલતુ હોવાની બાતમી મળી હતી.જેથી પોલીસે રેઈડ પાડીને જુગાર રમી રહેલા ૮ શખ્સોને રંગેહાથ પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી અને જુગારીઓની અંગજડતી દરમિયાન રોકડ રૂ.૨.૦૪,૫૦૦ તેમજ મોબાઈલ-૯ કિં.રૂ.૩૭,૦૦૦ અને ત્રણ વાહનો મળી કુલ રૂ.૮.૪૧ લાખની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી જુગારીઓ સામે આગળની તપાસ હાથ ધરી છે.

**રાયસણથી પકડાયેલા જુગારીઓ અને વાહનો**

(૧) રાકેશ કાંતિલાલ પટેલ, (ઉં.૪૯, મકાન નં.-૨ વિનાયક ફલોરા, રાયસણ)
(૨) કૌશિકકુમાર મહેન્દ્રભાઈ પટેલ (ઉં.૩૦, પ્રમુખ બંગ્લોઝ-૨૯ રાયસણ)
(૩) લકી પ્રવિણભાઈ પટેલ (ઉં.૨૪ આજોલ માણસા)
(૪) પ્રગ્નેશકુમાર જયંતિભાઈ પટેલ (ઉં.૩૩ એ-૭૦ શ્રી રંગ હાઈટ્સ,રાયસણ)
(૫) અનિલ અમૃતભાઈ પટેલ (ઉં.૩૦ પટેલવાસ, રાયસણ)
(૬) પ્રગ્નેશ બાબુભાઈ પટેલ (ઉં.૩૦ પ્લોટ નં.૫૬૬-૨ સેક્ટર-૪ સી)
(૭) દિપકભાઈ અમૃતભાઈ પટેલ (ઉં.૩૯ બી.૨૦૧, શુકન હાઈટ્સ કુડાસણ)
(૮) આશિષકુમાર મધુસુદનભાઈ સોની (ઉં.૪૧, આજોલ માણસા)

ઈયોન કાર નં. જી.જે.૦૨.સી.એલ. ૦૯૦૨
બોલેરો ગાડી નં. જી. જે.૦૨.સી.એ. ૩૩૪૯
હોન્ડાસીટી કાર નં. જી.જે.૧૮.બી.ઈ. ૧૩૨૮




# અડાલજ પોલીસને ખેતરમાંથી નાની દારૂની ૧૦ બોટલ મળી

ઉવારસદ ગામની સીમમાં પુન્દ્રાસણ તરફ જતા માર્ગ પર ખેતરમાંથી અડાલજ પોલીસને દારૂના ૧૦ નાના કવાર્ટર મળી આવ્યા છે. અડાલજ પોલીસે બાતમીને પગલે ખોડીયારનગરમાં રહેતો બુધાજી ગાભાજી ઠાકોર પોતાના ખેતરમાં દારુ જથ્થો સંતાડ્યો છે. જેને અનુલક્ષી તપાસ કરતા ખેતરની વાડમાં કપડાની થેલીમાં રાખેલ વિદેશી દારૂના ૧૦ નાના કવાર્ટર મળતા પોલીસે કબ્જે કર્યા હતા. જેથી પોલીસે બુધાજી ઠાકોરને તેના ઘરેથી ઝડપી પાડ્યા હતા.

## ખૂણેખાંચરેથી

- જિલ્લા રોડ સેફટી કાઉન્સીલની બેઠક ૧૫ મીએ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે મળશે.
- ગાંધીનગર જિલ્લાના કોંગ્રેસના ધારાસભ્યો જિલ્લા વિકાસ અધિકારીને આજે મળવા જવાના છે.
- ગાંધીનગર શહેરમાં ચોમાસાના આરંભે જ શહેરના વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ રહેવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- આજે વરસાદી વાતાવરણમાં ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી અને સંગઠનના અગ્રણીઓ પત્રકાર પરિષદ પછી ભજીયાનો નાસ્તો કરી આનંદ ઉઠાવ્યો હતો.
- ગાંધીનગર જિલ્લાના અધિકારીઓને ગ્રામીણ વિસ્તારમાં કોરોના સંક્રમણને નાથવાના પગલાંના અમલીકરણ અંગેની સમીક્ષા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સોમવારે કરવામાં આવનાર છે.
- ગાંધીનગર જિલ્લામાં સામુહિક શૌચાલયો ૪૦ સ્થાનો પર બનાવવાની કામગીરી હાથ પર લેવામાં આવી છે.




પહેલા વરસાદમાં જ પોલ ખુલી : ગાંધીનગરમાં ચોમાસાના વિધિવત પ્રારંભે હજુ તો મેઘરાજા પાપા પગલી ભરી વધારી રહ્યાં છે ત્યારે શહેરના માર્ગો પર ભૂવા પડવાની શરૂઆત થઈ ગઈ છે. ગુરુવારે માત્ર એક ઈંચ વરસાદમાં સેક્ટર-૧૭ આંતરિક માર્ગ અને તે પણ શોપિંગ વિસ્તારમાં જ ધોવાઈ ગયો અને મોટો મસ ભૂવો પડતા વસાહતીઓ ભારે હાલાકીમાં મુકાયા છે.

# કલેક્ટર કચેરીએ સતત ૨૪ કલાક વહી જતું પ્રજાના પરસેવાનું ''પાણી''..!!

ગાંધીનગર, તા. ૯

એક તરફ કેન્દ્ર સરકાર દ્વારા જળ વ્યવસ્થાપનને ખૂબ જ મહત્વ આપવા કમર કસવામાં આવી રહી છે અને રાજ્ય સરકાર દ્વારા પણ ચોમાસાના વરસાદી પાણીનો સંગ્રહ વધુ થાય તે માટે તળાવો ઊંડા કરવા જેવા આયોજનો હાથ ધરવામાં આવી રહ્યાં છે પરંતુ ગાંધીનગર જિલ્લા કલેક્ટરની કચેરીએ જ ટૉયલેટમાં લીકેજ હોવાને કારણે સતત ૨૪ કલાક વહેતું અને વેડફાતુ જતુ પાણી કોઈની નજરે ચઢતુ નથી.

શહેરમાં નવી કલેક્ટર કચેરી સંકુલને બનાવે હજુ કાંઈ વર્ષો વીત્યાં નથી કે તેની આવી હાલત થાય. મોટા મોટા વિકાસ કાર્યોના બણગાં ફૂંકતા તંત્રએ વિકાસ કાર્યોની ગુણવત્તા પર પણ ધ્યાન આપવું જરૂરી છે તે જાણવા જરૂરી બની રહ્યું છે. નબળી ગુણવત્તા અને યોગ્ય મેન્ટેનન્સના અભાવે માત્ર અને માત્ર પ્રજાના પરસેવાની કમાણીના વેડફાટ તથા કોન્ટ્રાક્ટરોના ખિસ્સા માલામાલ થવાથી વધુ કાંઈ થતુ નથી. નવી બનેલી કલેક્ટર કચેરીએ પાર્કિંગ તથા પાછળના ભાગે વરસાદી પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા પણ નથી તે આશ્ચર્યજનક સ્થિતિ છે. જ્યાં કલેક્ટર, મામલતદાર, રજીસ્ટ્રાર વગેરેની ઓફિસ હોય તથા પ્રજાના મહત્વના સરકારી દસ્તાવેજો માટેની જનસંપર્ક કેન્દ્ર હોય ત્યાં ટોયલેટમાંથી સતત ૨૪ કલાક વહી જતુ આ પાણી એ માત્ર પાણી નથી પરંતુ તે વહી જતી પ્રજાના પરસેવાની કમાણી છે. જો માત્ર ને માત્ર ભ્રષ્ટાચારીઓના ખિસ્સા ભરવા જ ઉપયોગમાં લેવાઈ રહી છે તેવું લાગી રહ્યું છે.



# વાવોલ પુન્દ્રાસણ માર્ગ પર આજે સરબા પેટ્રોલિયમનો શુભારંભ થશે

ગાંધીનગર તા ૯

વાવોલ પુન્દ્રાસણ માર્ગ પર આજે નવા પેટ્રોલ પંપનો શુભારંભ થશે. વાવોલ પુન્દ્રાસણ માર્ગ પર સ્થિત તુલસી બંગ્લોઝની સામે સરબા પેટ્રોલિયમ તૈયાર કરાયો છે. તા ૧૦ જુલાઈના રોજ સવારે ૯:૩૦ કલાકે સરબા પેટ્રોલિયમના શુભારંભ પ્રસંગે કોવિડ -૧૯ ને અનુલક્ષી પુરતી તકેદારી રાખવામાં આવશે. આ અંગે વિજયસિંહ સરદારસિહ ગોલ, વિક્રમસિંહ સરદારસિંહ ગોલ તેમજ તાહીર રસુલભાઈ પરમારના જણાંવ્યા મુજબ આઈ ઓ સી એલ કંપનીના સરબા પેટ્રોલિયમના શુભારંભ પ્રસંગે આવનાર મુલાકાતીઓએ કોરોનાની મહામારીને ધ્યાને લઈ માસ્ક ફરજિયાત પહેરવાની સાથે સોશિયલ ડીસ્ટન્સીંગનુ પાલન કરવા પણ જણાંવાયુ છે. આ વિસ્તારમાં નવો પેટ્રોલપંપ કાર્યરત થતા સ્થાનિક નાગરિકોને પણ નજીકમાંથી પેટ્રોલ પંપની સેવા ઉપલબ્ધ થશે જયારે જિલ્લાને જોડતા માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો પણ પેટ્રોલ પંપની સેવા સરળતાથી મળી રહેશે. પેટ્રોલ પંપને અનુલક્ષી ગ્રાહકોલક્ષી જરૂરી સેવા પણ ઉભી કરવામાં આવી છે. વાવોલ પુન્દ્રાસણ વિસ્તારમાં નવો પેટ્રોલપંપ શરૂ થવાનો હોવાથી સ્થાનિકોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે.

# જિલ્લાની બી.સી. સખી બહેનોને ડીડીઓના હસ્તે નિશુલ્ક બાયોમેટ્રીક ડીવાઈસનું વિતરણ

ગાંધીનગર, તા. ૯

દિનદયાળ અંત્યોદય યોજના, રાષ્ટ્રિય ગ્રામિણ આજીવિકા મિશન (હ્રછરૂ-દ્રઈન્સ) પુરસ્કૃત અને કોમન સર્વિસ સેન્ટર (સી.એસ.સી.) ના સંયુક્ત ઉપક્રમે આજે ગાંધીનગર જિલ્લાની ૧૫ સખી મંડળની બી.સી. સખી તરીકે જોડાયેલ બહેનોને જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાન હસ્તે બાયોમેટ્રીક ડીવાઈસનું વિતરણ કરવામાં આવ્યું હતું.

બહેનોને ''સ્ત્રી ધન'' તરીક બિરદાવી તેમણે બેનો દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિ વિશે જાણી હર્ષની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે વધુમાં નાના પાયાએ ઉધોગ શરૂ કરીને આજે સી.ઈ.ઓ જેવા પદે શોભાયમાન થયા હોય તેવી મહિલાની પ્રેરણાદાયક જીવનગાથાની ટુંકમાં માહિતી આપી હતી. તેમણે વધુમાં આર્થિક પ્રવૃત્તિ માટે વધુને વધુ બહેનોને જોડવા માટે તેઓ હંમેશા મદદરૂપ થશે, જે માટે બેંકમાંથી મળતી લોન અંગે જો કોઈ પણ મુશ્કેલી જણાય તો સહકાર આપવા માટે હંમેશા તત્પર રહેશે. બી.સી.સખીના ઉપક્રમે અધારકાર્ડથી લિંકેજ બેકીગ સેવાઓ જેમ કે, પૈસાની લેવડ દેવડ, વીમા પ્રિમિયમ, યુટીલીટી બિલ પેમેન્ટ, મોબાઈલ રીચાર્જ, પાનકાર્ડ, પાસપોર્ટ માટેની એપ્લીકેશન વગેરે જેવી સેવાઓ ફિંગરપ્રિન્ટ ડિઝીટલ ડિવાઈસ દ્વારા ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ થશે.

ગાંધીનગર જિલ્લાના વર્કશોપમાં સખીમંડળમાં કાર્યરત બહેનોને ખાસ ડીજીટલ ડિવાઈસ સી.એસ.સી. તરફથી નિઃશુલ્ક આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી હર્ષ યાદવ, જિલ્લા લાઈવલીહુડ મેનેજરશ્રી, શ્રી જીતેન પારેખ દ્વારા યોજનાકીય માહિતી તથા બહેનો દ્વારા કરવામાં આવતી આર્થિક પ્રવૃત્તિ વિશે વિગતવાર માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્ર્મનું સંચાલન તથા આભાર વિધિ આસીસ્ટન્ટ પ્રોજેકટ મેનેજર શ્રીમતી સંગીતા બામણિયા દ્વારા કરવામાં આવ્યું હતું.




# કોરોના મહામારીમાં ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ ઘરે બેસી વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણનું જતન કર્યુ

ચિલોડા, તા. ૯

આજે વિશ્વ કુદરતી અને માનવસર્જિત અનેક સમસ્યાઓથી ભીસાઈ રહ્યુંછે. તેવામાંપ્રકૃતિનું જતન એજ જીવનનું જતન મૂળ મંત્રને સાર્થક કરવા મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ ગૂજરાત વિદ્યાપીઠ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના નવનિયુક્ત યુવાન પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દવે અને ડૉ. દિગ્વેશ ભટ્ટ તથા સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન અને પ્રેરણાને અનુલક્ષીને મહાવિદ્યાલયમાં અભ્યાસ કરતા ગૂજરાત વિદ્યાપીઠના ગાંધીમાર્ગે કેળવાયેલા શ્રમ, સ્વાશ્રયી જીવનને વરેલા, ખાદી પ્રાર્થના કાંતણને મહત્વ આપનારા રાષ્ટ્રીય સેવા યોજના એકમ મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ અને પ્રકૃતિનું સંરક્ષણની લહેર ફેલાવી રહી છે. વિદ્યાર્થી ભાઈ-બહેનોએ પોતપોતાના ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષારોપણ કરી પ્રકૃતિ જતનનો સંદેશો ફેલાવી જનજાગૃતિ અભિયાન આરંભ્યુ છે. દર વર્ષે સંસ્થામાં જ થતા કાર્યક્રમ પરંતુ કોરોના મહામારી લીધે સંસ્થામાં વિદ્યાર્થીઓ હાજર ન હોવાથી અને વિદ્યાર્થીઓ ગુજરાતભરના જુદા જુદા વિસ્તારોમાં ઘરે હોવાથી ઉપરોક્ત અધ્યાપકોથી પ્રેરણા લઈ તેમના વિસ્તારમાં સુંદર વૃક્ષો વાવી તેની કાળજી લેવાનો સંકલ્પ લઈ સામાજિક અને પ્રાકૃતિક પ્રત્યેનો પ્રેમનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડ્યુ છે. આ અંતર્ગત ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના કાકશાળા નામની અંગ્રેજીની વિદ્યાર્થીની મિલ્કાએ ૩૦ જેટલા સાગના વૃક્ષો સ્કૂલના વિદ્યાર્થીઓને સાથે રાખી વાવેતર કર્યુ. બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના નારોલી ગામના મુકેશ રબારી અને કરશન ચૌહાણે લીમડા, લીંબુડીના વૃક્ષો વાવ્યા હતા. જીજ્ઞેશ કુવાડીયાએ ભાવનગર જિલ્લાના નવા ગામે લીંબુડી, ગુલાબ, કરણના બાગાયતી છોડ તથા અજય ડામોરે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના શંકરપુરા ગામ ખાતે જાંબુ, લીમડો, આંબલીના વૃક્ષો વાવ્યા હતા. કચ્છના ભચાઉ તાલુકાના ધરાણા ગામે ભાવેશ ડાંગરે આંબા, જાંબુ, લીમડાના વૃક્ષો વાવી તેનું જતનનો સંકલ્પ લીધો હતો. ગૂજરાત વિદ્યાપીઠના ગૂજરાત રાજ્યના ખૂણે ખૂણે રહેતા વિદ્યાર્થીઓ થકી પ્રકૃતિનું સાચે જ જતનની લહેર જગાવી છે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા કરવામાં આવ્યું હતું.



# બાંધકામ શ્રમિકોને આર્થિક સહાય જોગ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં કોવિડ – ૧૯ અન્વયે લોકડાઉનમાં સરકારશ્રી દ્વારા નોંધાયેલા બાંધકામ શ્રમિકોને રૂપિયા ૧૦૦૦/- ની આર્થિક સહાય ચુકવવાની જાહેરાત કરી હતી. જે અંતર્ગત નોંધાયેલ બાંધકામ શ્રમિકોના ડેટા ઈન વેલીડ / અધુરા હોવાથી નોંધાયેલ બાંધકામ શ્રમિકોને આર્થિક સહાય મળી ન હોય તેવા બાંધકામ શ્રમિકો તેમની ખૂટતી વિગતો બોર્ડને આપી શકે તે માટે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના વેબ પોર્ટલ https://misbocwwb.gujarat.gov.in પર નોધાયેલ બાંધકામ શ્રમિક લાભાર્થી પોતાની રેડબુક (ઓળખ પત્ર) નંબર આધારે રજિસ્ટ્રેશન ફોર્મ ભરી તેઓના ડેટા ઓનલાઈન સબમીટ કરી શકશે. જેથી સત્વરે તેઓને સહાય મળી શકે, ડેટા સબમીટ કરવાની છેલ્લી તારીખ ૧૭ જુલાઈ, ૨૦૨૦ છે, તેવું ગુજરાત મકાન અને અન્ય બાંધકામ, શ્રમયોગી કલ્યાણ બોર્ડના સભ્ય સચિવએ જણાવ્યું છે.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**
**જાહેર નિવિદા નં. ૦૬/૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા અલગ-અલગ તાલુકાના નવીન પંચાયત ઘરના મકાનના બાંધકામના કામો જેની અંદાજીત રકમ રૂ. ૧૩.૦૨ લાખથી રૂ. ૧૭.૧૪ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તથા તા. ૯/૭/૨૦૨૦ થી તા. ૨૩/૭/૨૦૨૦ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૧૧૬/૨૦૨૦

**જાહેર નિવિદા**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં-૨, વિજ સબસ્ટેશન, વિધાનસભા, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ટે.નં. ૨૩૨ ૫૯૪૬૯/૭૦) દ્વારા વિજળીકરણ લગતા કામ નં. ૧ થી ૬ જેની અંદાજિત કિંમત રૂ. ૪૦,૬૭૭.૭૫ થી રૂ. ૨,૯૬,૧૪૨.૦૦ છે. જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા ઠેકેદારો અથવા જે તે કામના નિષ્ણાંત અને અનુભવી ઠેકેદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે.

આ પૈકી ક્ર. ૧ થી ૩ કામના કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૧૬/૭/૨૦૨૦ (સમય ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તા. ૨૩/૭/૨૦૨૦ કચેરી સમય સુધી છે.

કામ નં. ૪ થી ૬ના જે કામ ઓનલાઈન www.nprocure.com પરથી તા. ૨૨/૭/૨૦૨૦ ૧૬.૦૦ કલાક સુધી અપલોડ / ડાઉનલોડ કરી શકાશે. આ કામની વિગતવાર નોટીસ પેટાવિભાગીય કચેરીના નોટીસ બોર્ડ પર મૂકવામાં આવેલ છે.

માહિતી/૪૨૩/૨૦-૨૧